# આદિવાસી સમાજ, સંસ્કૃતિ અને સાહિત્ય

માલસિંગભાઈ વી રાઠવા

**આદિવાસીનો અર્થ :**

Trible શબ્દ લેટિન ભાષાના Tribus ઉપરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ આવિાસી થાય છે કે આદિજાતિ થાય છે. આદિવાસીનો અર્થ આદિ એટલે મૂળ અને વાસી એટલે રહેનાર થાય છે.

**આદિવાસીની વ્યાખ્યા :**

ઈમ્પિરીયલ ગેઝીટીયરમાં "આદિવાસીઓ કેટલાક કુટુંબોનો સમુદાય છે કે જે સમાન નામ અને સમાન બોલી ધરાવતું અંતઃવિવાહી જૂથ છે તથા તેઓ સમાન પ્રદેશના વતની છે તેવી માન્યતા ધરાવે છે."

જકોબ્સ અને સર્ટન જણાવે છે કે "આદિવાસી ગામ સમુદાયનો બનેલો એવો સંકુલ છે કે જે સમાન આર્થિક રીતે પરસ્પર ઓતપ્રોત થયેલા હોય છે."

**આદિવાસીઓની લાક્ષણિકતાઓ :**

**૧. નિશ્ચિત પ્રદેશ :**

આદિવાસી વર્તમાન જંગલ વિસ્તાર કે ટેકરીઓમાં રહે છે. દ્રવિડો, આર્યો ભારતમાં આવ્યા તે પહેલાથી આદિવાસીઓ ભારતમાં સપાટ પ્રદેશમાં રહેતા હતા પરંતુ બિન આદિવાસીઓમાં દ્રવિડો, આર્યો, શક, હુણ, મોગલો, અંગ્રેજો વગેરેનો પ્રવેશ થતા આદિવાસીઓ વન વિસ્તારમાં રહે છે. પરંતુ વર્તમાનમાં વન વિસ્તારમાં ઘટાડો થતા સ્થળાંતરની પરિસ્થિતિ ઉદ્ભવી છે.

**૨. આદિવાસી પંચ :**

આદિવાસીઓ નોન જ્યુડીશીયલ વ્યવહારમાં માને છે. બિન આદિવાસીઓ જ્યુડીશીયલ વ્યવહારમાં માને છે. આદિવાસીઓ કુદરતી વ્યવહારમાં માને છે. તેથી ન્યાયની પ્રક્રિયા તટસ્થ અને સરળ રીતે થાય છે. આદિવાસીઓમાં પંચ બંને પક્ષને સાંભળીને તટસ્થ રીતે ન્યાય આપે છે. આદિવાસી સર્વાપરી છે તેમાં દખલગીરી થઈ શકતી નથી.

**૩. આદિવાસી ધર્મ :**

આદિવાસીઓ પ્રકૃતિ પૂજક છે. મૂર્તિ પૂજક નથી આદિવાસીઓ વાસ્તવિક છે નાસ્તિક નથી. સૂર્ય, ચંદ્ર, આકાશ, ધરતી, જળ વગેરેની પૂજા આદિવાસીઓ કરે છે તેઓ કાલ્પનિક દેવી દેવતાની પૂજા કરતા નથી.

આદિવાસીઓ હોળીનો તહેવાર ઢોલ નગારા સાથે ઉજવે છે. મેળાઓ, જન્મ, લગ્ન, મૃત્યુ વિધિ આદિવાસ
ધર્મ સાથે જોડાયેલા છે. જન્મ, લગ્ન અને મૃત્યુ પ્રસંગે બ્રાહ્મણને બોલાવતા નથી. આદિવાસીઓ પંચશૂળની પૂ
કરે છે વર્તમાનમાં હિન્દુ ધર્મની અસરના કારણે આદિવાસીઓમાં અંધશ્રદ્ધા કેટલેક અંશે જોવા મળે છે.

**૪. યુવાગૃહ :**

યુવક-ગુવતીઓને અનૌપચારિક શિક્ષણ યુવાગૃહ દ્વારા મળે છે. યુવક-યુવતીઓ માટે યુવાગૃ
મહત્વનું છે કેમકે તેમાં રાત્રે યુવક-યુવતીઓ ભેગા થાય છે તેમાં સામાજિક, સાંસ્કૃતિક અને જાતિય બાબત
જ્ઞાન આપવામાં આવે છે. યુવક-યુવતીઓ આનંદ કરે છે. વર્તમાન સમયમાં શાળા કોલેજ કે ઔપાચારિ
શિક્ષણના કારણે યુવાગૃહો નબળા પડયા છે તનું સ્થાન યુવા સંગઠનોએ લીધું છે.

**૫. નૃત્ય, ગીતો અને મેળાઓ :**

આદિવાસીઓમાં સમૂહ નૃતય અને સમૂહ ગીતો જોવા મળે છે. નૃત્ય વખતે ખાસ પ્રકારના સંગીત અ
વાજીત્ર વગાડવામાં આવે છે. ઢોલના તાલે તેઓ નૃત્ય કરે છે યુવક-યુવતીઓ ખભે-ખભા મીલાવીને નૃત્ય
છે. હાથમાં હાથ પરોવીને નૃત્ય કરે છે અને આનંદ મેળવે છે. આદિવાસીઓ ઢોલના તાલે અને લેજીમના હ
નાચે છે. તેમાં બાળકો યુવાનો અને વૃધ્ધો તમામ લોકો જોડાય છે. તેઓ નૃત્ય દ્વારા આનંદને ખરીદતા નથી
માણે છે. અહીયા આદિવાસીઓની સામૂહિક ભાવના જોવા મળે છે. તેમનાં ગીતોમાં વાસ્તવિક જીવનશૈ
જોવા મળે છે. જે લાગણીઓમાં વ્યકત થાય છે આદિવાસીઓના મેળાઓ ઈતિહાસ સાથે જોડાયેલ
દઢવળાવમાં શહીદોની યાદમાં મેળો ભરાતો હતો જે સરકારે બંધ કરાયેલ છે. માનગઢમાં પણ શહીદોની યાદ
મેળો ભરાય છે.

**૬. આદિવાસીઓમાં એકતા :**

આદિવાસીઓમાં એકતા મજબૂત રીતે જોવા મળે છે પરંતુ ભીલોની એકતાને ચાર રાજયો રાજસ્થા
ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં વિભાજન કરીને તોડી છે. સાબરકાંઠાના આદિવાસીઓને અરવ
અને સાબરકાંઠામાં વિભાજન કર્યુ છે. ભાજપ, કૉંગ્રેસ દ્વારા હિન્દુ, ખ્રિસ્તી, મુસ્લિમ દ્વારા ધર્મના નામે એ
તોડી છે. આદિવાસી વિસ્તારમાં હિન્દુ, ખ્રિસ્તી, મુસ્લિમ સંગઠનો દ્વારા આદિવાસીઓને હિન્દુ બનાવવ
પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. હિન્દુ ધર્મના જુદા જુદા સંપ્રદાયોના કારણે આદિવાસીઓમાં ભગત
સંસારીનાં બે જૂથ ઊભા થયા છે.

**૭. આદિવાસીઓમાં સમાનતા :**

આદિવાસીઓમાં પુત્ર-પુત્રી વચ્ચેના વ્યવહારમાં સમાનતા જોવા મળે છે. જે વસ્તિ ગણતર
આંકડાના આધારે સ્પષ્ટ થાય છે. આદિવાસીઓમાં સ્ત્રી-પુરુષના અધિકારોના સંદર્ભમાં સમાનતા જોવા
છે. ઊંચનીચના ભેદભાવ જોવા મળતા નથી. અસ્પૃશ્યતા જોવા મળતી નથી. બીજાને નીચા દેખાડવા
ઉતારી પાડવાની વૃત્તિ જોવા મળતી નથી આદિવાસીઓ વ્યકિતગત હિતને નહી પણ સમૂહના હિતને મ
આપે છે.

૮. લગ્ન અને ઉત્સવ

આદિવાસીઓમાં લગ્ન વિધિ વડીલ સ્ત્રી-પુરુષ દ્વારા થાય છે. બ્રાહ્મણ દ્વારા થતી નથી. લગ્ન પ્રસંગે આદિવાસી ગીત અને નૃત્ય દ્વારા આનંદ મેળવે છે. પુખ્ત વયે આદિવાસી સમાજમાં લગ્ન થાય છે. યુવક-યુવતીની પસંદગીથી લગ્ન થાય છે. આદિવાસી સમાજમાં અંતઃલગ્ન થાય છે. યુવક-યુવતીની પસંદગીથી લગ્ન થાય છે. આદિવાસી સમાજમાં અંતઃલગ્ન જોવા મળે છે. આદિવાસી સમાજમાં યુવક-યુવતીની પસંદગી મેળામાંથી થાય છે. આદિવાસી યુવક-યુવતીના લગ્ન લીભપ્રદેશમાં થાય છે વર્તમાન રાજ્યની સરહદો આદિવાસીને નડતી નથી. રાજસ્થાન ખેરવાડાના યુવકનાં સાબરકાંઠામાં થઈ શકે છે તેવીજ રીતે સાબરકાંઠાની યુવતીના લગ્ન ધરમપુરમાં થઈ શકે છે.

આદિવાસીઓનો મુખ્ય તહેવાર હોળી છે. તેમાં ઢોલ, નગારા અને લેજીમના હમસે નૃત્ય થાય છે. મેળામાં પાવાના સૂર રેલાય છે.

૯. આદિવાસી સ્વભાવ :

આદિવાસીઓનો સ્વાભાવ સરળ છે. કપટ કે અહંકાર જોવા મળતો નથી તેઓ બીજાને દેખાડવા કે ઉતારી પાડવાની વૃત્તિ ધરાવતા નથી. ભ્રષ્ટાચાર અને શોષણનો ખ્યાલ તેમનામાં નથી પણ નિર્વાહલક્ષી ખ્યાલ છે આદિવાસીઓના ભોળા અને નિખાલસ સ્વાભાવનો આર્યોએ ભરપૂર ફાયદો ઉટાવ્યો છે. આદિવાસીઓ બીજાની લાગણી દુભાય તેવું બોલતા નથી. આદિવાસી તેમના ઘરે ભલે પધાર્યા તેવું લખે છે. જ્યારે અન્ય લોકો તેમના ઘરે Be aware of Dog એવું તેમના ઘરે લખે છે.

આદિવાસીઓ કુદરતી વ્યવહારમાં માને છે યુવક યુવતીઓને અનૌપચારિક શિક્ષણ યુવાગૃહ દ્વારા મળે છે. આદિવાસીઓમાં સમૂહ નૃત્ય અને સમૂહ ગીતો જોવા મળે છે. ભીલપ્રદેશમાં રહેતાઆદિવાસીઓની એકતા જોવા મળે છે. હિન્દુ, ખ્રિસ્તિ અને મુસ્લિમ દ્વારા આદિવાસીઓને વટલાવવાની પ્રવૃત્તિ પાલી રહી છે. આદિવાસીઓમાં લગ્ન વિધિ વડીલ સ્ત્રી-પુરુષ દ્વારા થાય છે. આદિવાસીઓનો સ્વભાવ શાંત અને સરળ છે.

☆ ☆ ☆

# આદિવાસી સંસ્કૃતિ અને પ્રકૃતિ

આદિવાસી શબ્દોનો અર્થ જોઈએ તો 'આદિ' એટલે આરંભનું અને 'વાસી' એટલે વસનારું આ લોકો સૌપ્રથમ દેશમાં વસવાટ કરતા હતા. આદિવાસીને વિવિધ નામોથી ઓળખવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાએ (ILO) આદિવાસીઓને મૂળ વતનીઓ તરીકે ઓળખાવ્યા છે. વેરિયર એલ્વિને 'દેશના મૂળ સ્વામી' ના નામથી સંબોધ્યા છે. જી. એસ . ધુર્યેએ તેમને માટે 'પછાત હિન્દુ' અને 'કથિત આદિવાસી' નું નામ આપ્યુ. આ ઉપરાંત આદિવાસીઓ વન્ય જાતિ, વનવાસી ગિરિજન, કાળી પરજ, આરણ્યક વગેરે નામોથી ઓળખવામાં આવે છે. આમ ઉપરાંત આદિવાસી પ્રજાનાં આભૂષણો, હાટ અને મેળાઓ તથા ઉત્સવો પણ સંસ્કૃતિનો એક ભાગ બની જાય છે.

"સ્થાનીય આદિમ સમૂહોના કોઇપણ સંગ્રહને કે જે સામાન્ય ભાગમાં રહે છે. એક સામાંન્ય ભાષા બોલે છે. અને એક સામાન્ય સંસ્કુતિનું અનુસરણ કરે છે. તે આદિવાસી કહેવાય છે."

(ગિલીન અને ગિલીન)

"આદિવાસી સમૂહ કુટુંબો અથવા કુટુંબોના સમૂહોના એક સંકલન હોય છે. જેનું એક સામાન્ય નામ હોય છે. જેના સભ્ય એક નિશ્ચિત જમીન પર રહે છે. અને લગ્ન, વ્યવસાય અથવા ધંધાના વિષયમાં કેટલાંક નિષેધોનું પાલન કરે છે. અને એક નિશ્ચિત તેમજ ઉપયોગી પરસ્પર આદાન – પ્રદાનની વ્યવસ્થાનો ઉપયોગ કરે છે."

(ડો. મજમુદાર)

આદિવાસીઓની ઓળખ માટે કેટલાંક ધોરણોનો ઉપયોગ થયો છે. અને એની પરિભાષા આપવામાં આવી છે. જનજાતિ માટે અંગ્રેજીમાં Tribe શબ્દ વપરાય છે. જે લેટિન ભાષાના Tribus પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ રોમન લોકોનું ત્રણ વિભાગોનું વિભાજન કરવું એવું થાય છે. મૂળ Tribe શબ્દ સોળમી સદીમાં આવ્યો હોવાનું અનુમાન થાય છે. Tribes નો અર્થ નિર્ધન લોકો,

ગણ વિભાગી એવો થાય છે. રોમન પ્રજા માટે tribe એ રાજનૈતિક વિભાગ હતો. પશ્ચિમના દેશોમાં રંગભેદની નીતિના સંદર્ભમાં અને ભારતમાં અલગ અર્થઘટન થાય છે. જુદા-જુદા કુળો અને ગોત્રોનું જૂથ દેશના વિવિધ પ્રદેશમાં વસતું હોય અને તેને એકમ ગણીને આપને Tribe કહીએ છીએ. આ લોકો દ્રવિડોના આવ્યા પહેલા દેશમાં વસતા હતા એટલે તેઓ આદિવાસી કેહવાયા. ભારતની સામાજિક વ્યવસ્થામાં આ આદિવાસીઓ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. સમાજ અને સંસ્કૃતિના નિર્માણમાં નોધ પાત્ર યોગદાન આપ્યું છે.

'ભગવદ્ ગો મંડળ' અનુસાર આદિવાસી એટલે આદિવેશ અર્થાત શરૂઆતના સમયથી વસેલા લોકો એટલે આદિવાસીઓ એવો કરે છે. જોડણીકોશ અનુસાર આદિવાસી એટલે 'અસલવતની આદીજાતિનો માણસ' એવો થાય છે. આદિવાસીના વિવિધ અર્થો કરવામાં આવ્યા છે. તેમ છતાં ભારતીય બંધારણમાં તેમને માટે અનુસુચિત જનજાતિ (શિડયુલ ટ્રાઇબ) એવો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે. ભારતીય બંધારણની કલમ ૩૪૧ અને ૩૪૨ મુજબ કેટલાંક સમુદાયોને અનુસુચિત જનજાતિઓ તરીકે ઓળખવાની સતા રાષ્ટ્રપતિને આપી છે. રાષ્ટ્રપતિ જાહેરનામું બહાર પાડીને અનુસુચિત આદીજાતિઓમાં જે જે જાતિઓનો સમાવેશ કરે છે. તેને અનુસુચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે.

અનુસુચિત જનજાતિઓ એટલે એવી જાતિઓ જેમને બંધારણનો હેતુ માટે અનુસુચિત જનજાતિઓ તરીકે ફેરફાર કરી શકે છે. તેમ છતા કોઈ ચોક્કસ સામાજિક જૂથોનો અનુસુચિત જનજાતિમાં સમાવેશ કરવો કે ન કરવો તે માટે કોઈ નિશ્ચિત ધોરણોનો ઉપયોગ કર્યા નથી. આદિવાસીનો અર્થ એવા સમૂહો માટે લેવાય છે. કે જેને વિશિષ્ટ નામ હોય એક ભોગોલિક વિસ્તારમાં સમૂહ અથવા છૂટાછવાયા વસવાટ કરતા હોય એમના લગ્ન અંતવિવાહી જૂથમાં થાય છે. અને તેઓ પોતાની આગવી સમાજ વ્યવસ્થાને જળવી રાખે છે.

વિવિધ વિચારકો તેમજ માનવશાસ્ત્રીઓએ આદિવાસીઓની વ્યાખ્યા આપી છે. જેમાં રિવર્સ, હોબેલ, ડી.એને. મજુમદાર, રવીન્દ્રનાથ મુખરજી ઉપરાંત ઈમ્પીરીયલ ગેઝેટિયર, નોટસ એન્ડ કવેરીઝ ઓન એન્થ્રોપોલોજી વગેરે ગણાવી શકાય. આમ છતાં આદિવાસીની સર્વગ્રાહી અને સ્પષ્ટ વ્યખ્યા આ પ્રમાણે આપી શકાય.

"આદિવાસી એ નિશ્ચિત પ્રદેશ, નિશ્ચિત બોલી અને નિશ્ચિત સાંસ્કુતિક સંવાદિતા ધરાવતો સમૂહ છે. જે એક સમાન સામાજિક સંગઠન ધરાવે છે. આદિવાસી ગોત્રોના ઉપસમુહમાં વહેચાયેલા હોય છે. તેઓમાં એક સામાન્ય પૂર્વ જ તથા રક્ષક દેવતા હોય છે. આર્થિક, સામાજિક, ધાર્મિક, કુટુબિક અને રક્ત સંબંધો દ્વારા ગુંફિત હોય છે. પોતાના સમુદાય અને મુખી પ્રત્યેની વફાદારી અને ઉધોગોના સંદર્ભમાં કેટલાક નિષેધોનું પાલન કરે છે." આમ આદિવાસી સમુદાયની પરિકલ્પના બાંધી શકાય.

આમ આપણે જોયું કે કેટલાય સમાજમાનવશાસ્ત્રીઓએ પોતાના અભ્યાસ અને સંશોધનમાં સંસ્કૃતિને સમજાવવાનો અલગ અલગ રીતે પ્રયત્ન કર્યા છે.એ દેખીતું છે કે સાંસ્કૃતિક માનવશાસ્ત્રના આભ્યાસમાં સામાજિક, આર્થિક અને રાજકીય સમાજ, જીવન તથા ધર્મ, ભાષા, કલા, જ્ઞાન વગેરેનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત સમાજમાનવશાસ્ત્રને સમાજિક પ્રક્રિયા તથા સંસ્થા સાથે જોડીને, અભ્યાસ કરવાનું પણ વિચારાયું છે. હકીકતમાં આ વિચારધારા અને ભારપૂર્વક એ વાતને સ્વીકારવાનું પહેલેથી ચાલતું આવ્યું છે. ટાયલરે સંસ્કૃતિના ખ્યાલને સાથે રાખીને પહેલેથી જ માનસશાસ્ત્ર અને ઈતિહાસ દ્વારા સંકૃતિને સમજવાનો પ્રયત્ન કર્યો છે. તો મોર્ગને તેના સમકાલીન સમાજશાસ્ત્રના તારણોનો ઉપયોગ કરી સમાજના સંદર્ભ સાથે પોતાનો અભ્યાસ રજુ કર્યો છે. ડ્યુરખેઈમે સંદર્ભ સાહિત્ય તથા સંશોધનનો ઉપયોગ કરી સામાજિક ચમત્કારો સર્જિત સામાજિક-તાર્કિક તારણો કાઢ્યા છે. આમ બે પ્રકારે ટ્રેડીશન ઉભી થઈ હતી. એક કે જેણે સંસ્કૃતિના સંદર્ભમમાં અભ્યાસ કર્યો અને બીજી કે જેણે સમાજના આદિવાસી ગુજરાન અને તેમનું સંસ્કૃતિક જીવન સંદર્ભમાં અભ્યાસ કર્યો. આજે આપણને જોવા મળે છે કે અમેરિકાના સમાજમાનવશાસ્ત્રી ટાયલરની વિચારસરણી (મૂળ તો બ્રિટીશ) સાથે તેઓને જોડે છે, જયારે બ્રિટીશ સમાજમાનવશાસ્ત્રીઓ ડયુરખેમીઇયન સમાજશાસ્ત્રીય વિચારસરણી સાથે જોડાઈ કાર્ય કરે છે. આમ જોઈએ તો સામાજિક માનવશાસ્ત્ર સંસ્કૃતિક માનવશાસ્ત્રથી જુદું છે. રેડકલીફ બ્રાઉને જણાવ્યું છે કે એક વ્યક્તિ જયારે ખેતરમાં જાય છે ત્યારે કે પછી સમાજનાં કોઈ કામ માટે જાય છે ત્યારે તેને સંસ્કૃતિ ક્યાંય રસ્તામાં મળતી નથી પરંતુ તે જે અનુભવ કરે છે. તે જે સમજે છે તે જ સામાજિક સબંધોને અનુલક્ષીને સંસ્કૃતિ બને છે.

આ રીતે વર્ષોથી જંગલમાં રહેતા આદિવાસીનું જીવન વન સાથે સંકળાયેલુ છે પ્રાચીનકાળથી વનમાં રહેતા આદિવાસીઓ મુક્ત રીતે વનમાં વિચર્યા છે. આજુબાજુના પર્યાવરણ સાથે, જંગલ સાથે ઐકય અને સંવાદિતાથી રહ્યા છે. અને કુદરતી સંપતિનો ઉપયોગ કર્યો છે. શિકારનો આનંદ મેળવ્યો છે. અને તેમના મનમાં મજબુત ગ્રંથિ બંધાઈ ગઈ છે. કે જંગલ તેમનું છે. તેઓ જંગલના છે. અને વન વસાહતીઓ અભિન્ન છે. તે જ સંસ્કૃતિ છે.

સંસ્કાર સર્જન વ્યવસ્થા, આપણા મુલ્યો અને કલાના ઉદ્દયનો આપણી અભિવ્યક્તિના સ્વરૂપો કે બુદ્રિના કે કલ્પનાના સાહસભર્યો અખતરાઓની બનેલી છે. આ સર્વે સર્જનો જીવન ચિંતન અને ઉર્મીકલ્પનાની શૈલીના વ્યક્તસ્વરૂપ હોય તે જીવનને આકાર આપે છે.

આદિવાસીઓએ ઉપરના હેતુ સાથે કુદરતી રીતે વર્ષોથી પરંપરાગત રીતે વિકસાવેલી તેમની સામાજિક વ્યવસ્થા અને સામાજિક સંગઠનો વિષે વિશેષ માહિતી મેળવતાં આદિવાસી સંસ્કૃતિનો ખ્યાલ આવી શકે.

લોકકલા આદિવાસીઓના જીવન સાથે સંકળાયેલી છે કે જોડાયેલ છે. આ લોકકલાઓએ જ એમના સમગ્ર જીવનને આનંદમય અને તાજગીભર્યું બનાવ્યું છે. એટલે જ તો તેઓ તેમના ખોરાકમાંથી મેળવે છે. તે કરતા વધુ જીવનતત્વ તેમના નુત્ય, સંગીત, લોકકલાઓ અને વાર્તા, વિનોદમાંથી મેળવે છે. તેમના રહેઠાણો પર લગ્નપ્રસંગે દોરતા ચિત્રો અને તેમના દેવોની આકૃતિઓ વગેરે તેમની કલારસિકતા અને સરળતા પ્રદર્શીત કરે છે.

આદિવાસી સમાજ પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. આદિવાસી સમાજની લોક સંસ્કૃતિ એ એમની સાચી ઓળખ આપે છે. લોક સંસ્કૃતિ દ્વારા આ આદિવાસી માનવસમૂહનું સર્જન થાય છે. અને આજ લોક સંસ્કૃતિથી એ વરસો લાંબા સમય સુધી ટકી રહે છે. આદિવાસી સમાજની લોક સંસ્કૃતિએ પણ વૈવિધ્યસભર છે. ભારતના કયા ભૈગોલિક ભાગમાં અને કઈ ભૈગોલીક પરિસ્થિતિમાં ઉછેર્યા છે. અને રહ્યા છે.એ પ્રમાણે વિવિધતા જોવા મળે છે. આદિવાસીઓ હંમેશા પોતાની સંસકૃતિમાં રહે છે. અને આજ કારણ છે. જે હજુ સુધી આદિવાસી સંસ્કૃતિ સ્થપાઈ રહી છે. આદિવાસી સંસ્કૃતિ અંત્યત વૈવિધ્યતાવળી છે. આ આદિવાસી સંસ્કૃતિને સમજવા એની નીકટતાનો

સંબંધ કેળવવો જરૂરી છે. એમની સંસ્કૃતિમાં એમનિ વેશભૂષા, રહેઠાણ, બંધારણ, કલા, સંગઠન, ધર્મ, જન્મ અને મરણને લગતા રીત રિવાજો વગેરેનો સમાવેશ થાય છે.

કુદરતે ભારતની ધરતીને છુટા હાથે પ્રકૃતિક સૌદર્ય બક્ષ્યું આભને આંબતા અડીખમ ડુંગરાઓ, ડુંગરાની ગાળિયો, ગીચ જંગલોને ઝાડીઓ વર્ષાની મોસમમાં બે કાંઠે વહતી નદીઓ અને સૌરાષ્ટ્રના કાંઠાને વીંટળાઈ વળેલો ૧૬૦૦ કિલોમીટર લાંબો સાગરકાંઠો આવા પ્રાકૃતિક સૌદર્યના પ્રાગણમાં કરોડો વર્ષ પુર્વ આદિમાનવીઓનો પદધબકાર સંભળાવવો શરૂ થયો. પથ્થર યુગનો માનવી સંસ્કૃતિનો સર્જક બન્યો કાળક્રમે સંસ્કૃતિની વણઝાર એક પછી એક વિસામો વટાવતી આગળ ચાલી એમાંથી પશુપાલન કરનારી પ્રજાને કૃષિ સંસ્કૃતિ વિકસાવી માલઢોર ઉછેરેનાર આથર, યાદવો, રબારી અને ભરવાડોના સમુહોએ ગોપે સંસ્કૃતિ વિકસાવી દરિયા દેવને ખોળે સાગર કિનારે વસનાર ખરવા અને તળપદા કોળીઓએ સાગર સંસ્કૃતિનું સર્જન કર્યું તો હરિયાળા લીલાંછમ વન અને ડુંગરીની ગાળીયુંમાં જીવન ગુજાનારાં આદિજાતિનાં સમૂહોએ ધરતીના ખોળે વનવાસી સંસ્કૃતિનો વિકાસ કર્યો જેને આપણે આદિવાસી સંસ્કૃતિના નામે ઓળખીએ છીએ.

વિશ્વની મહાન અભ્યતાઓની ઉત્પતી આદિવાસી સંસ્કૃતિથી થઈ છે. ગ્રીક, મીસર વગેરે તમામ સભ્યતાઓના જનક જે તે ભૈગોલિક ક્ષેત્રના આદિવાસી જ હતા. ભારતની મહાન સભ્યતાના મૂળમાં આદિવાસીઓ જ હતા.

આદિવાસીઓ કુદરતના ખોળે આડંબર રહિત સાદુ અને નિંષ્કપટ જીવન જીવે છે. તેમનું રોજિદુ જીવન, સમાજિક પ્રસંગો, નુત્ય, સંગીત, ઉત્સવો, તહેવારોની મસ્તી એ બધું જ તેમના ધર્મ સાથે સંકળાયેલું છે. એમના જીવનના સુખ-દુઃખ, આનંદ, રહસ્ય, ધર્મ એ એમના જીવનમાં મહત્વનાં અંગ બનીને સહજ રીતે વ્યક્ત થાય છે.

આમ આદિવાસી પ્રજાની સંસ્કૃતિ સમાજિક સ્તરરચના, લગ્ન, રીતિરિવાજ, જાતીય સંબંધો, સામાજિક-સંગઠન, જાતિપંચ, આદિવાસી સંસ્કૃતિ અને પ્રાકૃતિક ગ્રામરચના, સ્ત્રીનો દરજજો, વગેરે ઉપર આધાર રાખે છે.

•